# જિલ્લામાં ઓણસાલ ચોમાસું સારું રહ્યું તો બમ્પર ઉત્પાદનની આશા

## ૧૪ તાલુકાઓમાં ૪.૭૯ લાખ હેક્ટરમાં ખરીફ વાવેતર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઓણસાલ ચોમાસુ સારૂ રહ્યું તો ખરીફ પાક ઉત્પાદનમાં બમણો વધારો થવાની શક્યતા ખેડૂતોએ વ્યક્ત કરી છે. ૧૪ તાલુકાઓમાં અત્યાર સુધીમાં ૪,૭૯,૦૮૪ હેક્ટર જમીનમાં વાવેતર નોંધાયું છે. ખેડૂતોએ કપાસ, મગફળી, મકાઈ, શાકભાજી સહિતના પાકની વાવણી કરી છે અને મોટાભાગના વિસ્તારોમાં અગાઉ વરસાદે અણીના સમયે મહેર કરતાં ખેતીનું જોબન ખીલી ઉઠ્યું છે.

ચોમાસાની વર્તમાન સીઝનમાં વરસાદે અણીના સમયે ખેતી પાકને બચાવી લીધા છે. સીઝનના આરંભે વાવેતર થયા પછી મોટાભાગના વિસ્તારોમાં વરસાદ ખેંચાતાં ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા હતા. આકાશમાંથી ભરચોમાસે અગનગોળા વરસતા હોય તેવો માહોલ ઉભો થયો જેના કારણે કુમળું બિયારણ નિષ્ફળ જવાની ભીતીથી ખેડૂતોને સિંચાઈનાં પાણી આપવાં પડ્યાં જો કે ત્યારબાદ વરસાદે ખેડૂતોની પ્રાર્થના સાંભળી લેતાં સાર્વત્રિક મેઘમહેર થઈ છે જેના કારણે હવે ખેતીને ફાયદો થવાની સંભાવના વધી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખરીફ સીઝનમાં ખેડૂતોએ પરંપરાગત ધાન્ય પાકનું વાવેતર કરવાની સાથે કઠોળનું પણ વાવેતર કર્યું છે. સમયસર વરસાદે પધરામણી કરતાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ચોમાસુ સારૂ રહ્યું તો બમ્પર ઉત્પાદન થવાની આશા ખેડૂતો રાખીને બેઠા છે. જો કે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ખરીફ વાવેતર થયા પછી ભૂંડ તેમજ નિલગાયોથી ભેલાણ વધતાં ખેડૂતો વાવેતર બચાવવા માટે ખેતરમાં રાત ઉજાગરા કરતા જોવા મળી રહ્યા છે. ખેતીની દરેક સીઝનમાં ખેડૂતોએ હવામાન તેમજ અન્ય સંકટનો સામનો કરવો પડતો હોય છે. જેથી વર્તમાન સીઝનમાં પણ ખેડૂતોએ નસીબના સહારે ખેતરોમાં મોંઘુદાટ બિયારણ ધરબી દીધું છે.



# અધિકની અસર : ઉત્તર ગુજરાતમાં આ વર્ષે રક્ષાબંધન, ગણેશ ચતુર્થી ૧૮ દિવસ વિલંબમાં

## નવરાત્રિ પહેલાંના પર્વ મોંડા, પછીના પર્વો ૧૦ થી ૧૧ દિવસ વહેલા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

હિન્દુ શાસ્ત્રમાં ગ્રહનક્ષત્રની ગણનાના આધારે દર ૩ વર્ષે એકવાર અધિકમાસનો ઉમેરો થતો હોય છે જેથી વર્ષ દરમ્યાન આવતા પરંપરાગત તહેવારો મોંડા-વહેલા થતા હોય છે. આ વર્ષે રક્ષાબંધન તેમજ ગણેશ ચતુર્થીનું પર્વ ૧૮ દિવસ વિલંબમાં પડી શકે છે. ગત ૨૦૨૦માં અધિક માસ એટલે કે પુરૂષોત્તમ માસ આવ્યો હતો. જેના કારણે ચાલુ વર્ષે તેની અસર આવનારા તહેવારો ઉપર થઈ છે. ગત વર્ષે સપ્ટેમ્બરમાં આસોમાસમાં અધિક માસ આવ્યો હોવાથી આ વર્ષે નવરાત્રિ પહેલાંના રક્ષાબંધન, ગણેશ ચતુર્થી સહિતના પર્વો ૧૮ દિવસ વિલંબમાં પડ્યા છે.

જ્યોતિષની દ્રષ્ટીએ ચંદ્ર દર ૨૭ દિવસે રાશિ બદલે છે. જ્યારે સૂર્ય ૧ મહિને રાશિ પરીવર્તન કરતો હોય છે. આ બંન્ને વચ્ચે ૩ દિવસનો તફાવત રહેતો હોવાથી દર ત્રીજા વર્ષે પૂર્ણ માસ બને છે. ૩ વર્ષે ૧ માસનો થતો વધારો અધિક માસ અથવા તો પુરૂષોત્તમ માસ ગણવામાં આવે છે. બે અધિક વચ્ચે સામાન્ય રીતે ૨૮ થી ૩૬ માસનું અંતર હોય છે. તો કેટલાક શાસ્ત્રો અનુસાર આ અંતર ૩૨ મહિના, ૧૪ દિવસ અને ૪ કલાકનું ગણવામાં આવે છે. જે મહિને સૂર્ય સક્રાંતિ ન હોય તે અધિક માસ. જ્યારે તેનાથી વિપરીત જે મહિને બે સૂર્ય સક્રાંતિ હોય તે ક્ષય માસ ગણવામાં આવે છે. આ બંન્ને માસ દરમ્યાન શુભકાર્યો થઈ શકતાં નથી. ગત વર્ષે ૨૦૨૦માં સપ્ટેમ્બર માસમાં આસો માસની સાથે અધિક માસ આવ્યો હતો. જ્યારે હવે ૨૦૨૩ની સાલમાં ફરી અધિક માસ આવશે. ગત વર્ષે આવેલ અધિકના કારણે આગામી નવરાત્રિ પહેલાંના પર્વો ૧૮ દિવસ મોંડા આવશે. ગત વર્ષે ગણેશ ઉત્સવ અને નવરાત્રિ વચ્ચે દોઢ મહિનાનું અંતર રહ્યું હતું તેનાથી વિપરીત આ વર્ષે નવરાત્રિ પછી આવતા દશેરો, દિવાળી અને નવા વર્ષ સહિતના તહેવારો ૧૦ થી ૧૧ દિવસ વહેલા આવી શકે છે.

### તહેવારોમાં ફેરફાર..

| પર્વ | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |
|---|---|---|
| રક્ષાબંધન | ૩ ઓગષ્ટ | ૨૨ ઓગષ્ટ |
| જન્માષ્ટમી | ૧૨ ઓગષ્ટ | ૩૦ ઓગષ્ટ |
| ગણેશ ચતુર્થી | ૨૨ ઓગષ્ટ | ૧૦ સપ્ટેમ્બર |
| અનંત ચૌદશ | ૧ સપ્ટેમ્બર | ૧૯ સપ્ટેમ્બર |
| નવરાત્રિ પ્રારંભ | ૧૭ ઓક્ટો. | ૯ ઓક્ટોમ્બર |
| દશેરો | ૨૫ ઓક્ટો. | ૧૫ ઓક્ટોમ્બર |
| વાઘબારસ | ૧૨ નવેમ્બર | ૧ નવેમ્બર |
| ધનતેરસ | ૧૩ નવેમ્બર | ૨ નવેમ્બર |
| દિવાળી | ૧૬ નવેમ્બર | ૪ નવેમ્બર |
| નૂતન વર્ષ | ૧૬ નવેમ્બર | ૫ નવેમ્બર |

# ધનસુરા તાલુકાની બાજીપુરા પંચાયતનું ઈ-ભૂમિપૂજન કરતા મુખ્યમંત્રી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

ધનસુરા તાલુકાની બાજીપુરા પંચાયતને નવું પંચાયત ઘર નસીબ થયું છે. રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ ગત રોજ ઈ-ભૂમિપૂજન કર્યું ત્યારે ગ્રામજનોમાં ખુશાલી છવાઈ હતી. ઈ-ભૂમિપૂજન સમયે જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન રબારી, ધનસુરા તાલુકા પંચાયતના દંડક વિણાબેન વી. પટેલ તેમજ ભાજપના અગ્રણી, પત્રકાર વિનોદભાઈ બી. પટેલ સહિત અનેક આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યની વર્તમાન સરકારને યશસ્વી ૫ વર્ષ પૂર્ણ થતાં રાજ્યના મુખ્ય મંત્રી દ્વારા એક સાથે રાજ્યમાં પૂરા થયેલા વિકાસ કામો તેમજ નવા મંજૂર થયેલા કામોનું લોકાર્પણ યોજાઈ ગયું. ધનસુરા તાલુકાની વિભાજનથી અસ્તિત્વમાં આવેલી બાજીપુરા ગ્રામ પંચાયતના નવા મકાન માટેની સ્થાનિક આગેવાનોની ભલામણને સરકાર અને પંચાયત વિભાગે ગ્રાહ્ય રાખ્યા પછી નવું પંચાયત ઘર મંજૂર કર્યું હતું જેનું ઈ-ભૂમિપૂજન યોજાઈ ગયું. બાજીપુરા ગ્રામ પંચાયતના ઈ-ભૂમિપૂજન સમયે ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# જિલ્લામાં સેવાસેતૂ કાર્યક્રમોમાં તંત્રને વિપક્ષોનો ડર : કાર્યક્રમ સ્થળે ગોઠવાતો પોલીસ બંદોબસ્ત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

રાજ્ય સરકારના ૫ વર્ષ પૂર્ણ થતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નિયત સ્થળોએ સેવાસેતુના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સરકારના કાર્યક્રમો પ્રચાર માટે યોજાતા હોવાના આક્ષેપ સાથે વિપક્ષો વિફર્યા છે જેથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આયોજીત થતા કાર્યક્રમોમાં તંત્રને જાણે કે વિપક્ષોનો ડર સતાવતો હોય તે રીતે પોલીસ બંદોબસ્ત સાથે કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

તા.૨ ઓગષ્ટથી મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ સંવેદના દિવસ નિમિત્તે સેવાસેતૂ કાર્યક્રમના રાજ્ય વ્યાપી છઠ્ઠા તબક્કાનો પ્રારંભ કરાવ્યો છે. જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વહીવટી તંત્રએ આગોતરી તૈયારીઓ સાથે સેવાસેતૂ કાર્યક્રમ યોજવાની શરૂઆત કરી તેની સામે વિપક્ષ કોંગ્રેસ દ્વારા સરકારની સમાંતર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કોંગ્રેસ સહિતના વિપક્ષ દ્વારા આક્રમક રીતે સરકારની નિષ્ફળતાઓને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવતાં તંત્રની ચિંતા વધી છે. સરકારી સેવાસેતૂ કાર્યક્રમ સ્થળે વિપક્ષો ઓચિંતા હંગામો મચાવે તેવો ડર તંત્રને અંદરખાને સતાવી રહ્યો છે જેના કારણે સાબરકાંઠા જિલ્લાના ૧૪ તેમજ અરવલ્લી જિલ્લાના ૧૨ પોલીસ સ્ટેશન તાબામાં આયોજીત થનાર કાર્યક્રમમાં વિપક્ષના ડરના કારણે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

જિલ્લામાં ૯ દિવસ સરકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે તેની સામે કોંગ્રેસે પણ વિરોધ પ્રદર્શન શરૂ કરી સમાંતર કાર્યક્રમો જાહેર કરતાં તંત્રની ચિંતા વધી છે. ભાજપ સરકાર સરકારી તંત્રનો ઉપયોગ કરી પોતાનો વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી પ્રચાર કરતી હોવાના આક્ષેપ તેમજ કોરોના કાળ દરમ્યાન સરકાર સદંતર નિષ્ફળ રહ્યાના આક્ષેપોની ભરમાર વચ્ચે કોંગ્રેસ એક્ટીવ મોડમાં આવી જતાં બંન્ને જિલ્લામાં આયોજીત સેવાસેતૂ કાર્યક્રમમાં પોલીસને તૈનાત રહેવાની સૂચના અપાઈ છે.

## વડગામમાં પંડીત દિનદયાલ ગ્રાહક ભંડારના સંચાલકો દ્વારા લાભાર્થીઓને વિનામુલ્યે ઘઉં ચોખા વિતરણ કરાયું

વડગામ તાલુકામાં આવેલી પંડીત દિન દયાલ ગ્રાહક ભંડાર સસ્તા અનાજની દુકાનના સંચાલકો દ્વારા દરેક ગામમાં લાભાર્થીઓને સરકારના પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ઘઉ તથા ચોખા વિના મૂલ્યે તાલુકાના સ્થાનિક આગેવાનો તેમજ સરપંચશ્રીઓ તલાટીશ્રીઓ ની ઉપસ્થિત વચ્ચે વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી વચ્ચુઅલી ઉપસ્થિત રહી લાભાર્થીઓ સાથે સંવાદ કરાયો હતો.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" હેઠળ મેં ૨૦૨૧ થી નવેમ્બર ૨૦૨૧ સુધી રાજ્યના "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ આવરી લેવાયેલા પરીવારજનો ને દર મહિને મળવા પાત્ર રાહતદરના અનાજ ઉપરાંત વધારાના ૫ કીલો ઘઉ ચોખા નું વિનામુલ્યે વિતરણ કરાઇ રહ્યું છે. જેના ભાગરૂપે વડગામ તાલુકા માં વડગામમાં સસ્તા અનાજની દુકાનના સંચાલકો દ્વારા તાલુકા ના સ્થાનિક ભાજપ આગેવાનો, પદાધિકારીઓ, તથા ગામના સરપંચશ્રી ઓ તથા શિક્ષક તલાટીશ્રીઓની ઉપસ્થિત વચ્ચે લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું.સાથે સાથે ઉપસ્થિત લોકોએ સંવાદ કાર્યક્રમ ને નિહાળ્યો હતો.

# આકરૂન્દ જિલ્લા પંચાયત બેઠક ઉપર અન્નોત્સવ કાર્યક્રમ યોજાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

રાજ્ય સરકારના યશસ્વી ૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે તા.૩ ઓગષ્ટના રોજ અન્નોત્સવની ઉજવણી કરવામાં આવી હતી જેમાં આકરૂન્દ જિલ્લા પંચાયત સીટ ઉપર યોજાયેલા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના કાર્યક્રમમાં અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં ભાજપ સરકાર આવ્યા પછી આકરૂન્દ વિસ્તારમાં વિકાસના અનેક કામો મંજૂર થયા છે. વિકાસના કામોમાં ઉબેટ બનવાનો પ્રયત્ન કરનારા અનેક ધીરે ધીરે બેનકાબ થઈ રહ્યા છે. તાજેતરમાં જ આકરૂન્દ ગ્રામ પંચાયતના નવા નિર્માણ થનારા પંચાયત ઘરનું મુખ્ય મંત્રીએ ઈ-ભૂમિપૂજન કર્યું જેના કારણે સમગ્ર પંથકમાં ખુશાલી છવાઈ છે. રાજ્ય સરકારના યશસ્વી સુશાસનના ૫ વર્ષના ભાગરૂપે અન્નોત્સવ કાર્યક્રમ આકરૂન્દ ગ્રામ પંચાયતમાં જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન કાળાભાઈ રબારી, આકરૂન્દ ગ્રામ પંચાયતના સરપંચ લલીતાબેન એમ. પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ એચ. પટેલ, તાલુકા ભાજપ સંગઠન પૂર્વ મહામંત્રી વિનોદભાઈ બી. પટેલ, આકરૂન્દ સેવા મંડળીના ચેરમેન ભરતભાઈ એન. પટેલ, તલાટી કમ મંત્રી અશ્વિનભાઈ પંડ્યા વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો જેમાં લાભાર્થીઓને અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું.



# સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના સેવાયજ્ઞમાં બે લાખથી વધુ કાર્ડધારાકોને લાભ અપાયો

## સરકારે ગુજરાતમાં ઉન્નતિ અને સમૃધ્ધિનું વાવેતર કર્યુ છે : કુંવરજી બાવળીયા

બાયડ તા.૩

રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થતા સમગ્ર રાજ્યમાં જનસેવાનો યજ્ઞ આદર્યો છે જેમાં ૧લીથી ૯મી ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો યોજીને લોકોને સરકારની કલ્યાણકારી યોજનાનો લાભ આપવામાં આવશે. જે અંતર્ગત મંગળવારને ૩જી ઓગસ્ટના રોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ટાઉનહોલ ખાતે પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજી બાવળીયાના હસ્તે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના લાભાર્થીઓને અન્ન વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કોરોનાકાળમાં સૌને પોષણ અને સૌને અન્ન સહિતની વિવિધ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓના અમલમાં મુકી તો રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયના કોઇપણ નાગરીક ભોજન વગર ન રહે અને દરકે નાગરીકની અન્ન સુરક્ષા નિશ્ચિત થાય તે માટે કટિબધ્ધતા દર્શાવી. રાજય સરકારે ૨૦૧૬થી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદાનું અમલીકરણ કરીને રાજયના અંત્યોદય અન્ન યોજના અને અગ્રતા ધરાવતા કુટુંબો રાહત દરે અનાજ પુરૂ પાડવામાં આવી રહ્યુ છે.



વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યની ૧૭હજાર કરતા વધુ વ્યાજબી ભાવની દુકાને જરૂરીયાતમંદ કાર્ડધારકોને તેમને મળવા પાત્ર જથ્થો સમયસર અને સુચારૂ રીતે મળી રહે તેવી સુદ્દઢ વ્યવસ્થા ઉભી કરી છે. તેમણે કહ્યુ હતુ કે, રાજયમાં કોરોના સંક્રમણના પ્રથમ ત્રણ માસમાં એનએફએસએના ૩.૩૬ કરોડથી વધુ લોકોને વિનામૂલ્યે ઘંઉ, ચોખા, ખાંડ, દાળ અને મીઠાના ફૂડ બાસ્કેટ આપવામાં આવ્યા છે. તો વળી પરપ્રાંતિય કારીગર અને મજૂરો તેમજ ઘર વિહોણા રેશનકાર્ડ વગરના ૬.૩૬ લાખ લોકોને આત્મ નિર્ભર ભારત યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ કરાયું છે. તો કોરોના કપરાકાળમાં લોકડાઉન દરમિયાન મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકૅજ અંતર્ગત રાજયના ૬૫.૪૦ લાખ રેશનકાર્ડ ધારકો તથા ૩.૪૦ લાખ નોન એનએફએસએના બીપીએલ કાર્ડધારકો તેમજ શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ નોંધાયેલા૬.૩૮ લાખ બાંધકામ શ્રમયોગીઓનો પ્રતિકુટુંબને રૂ એક હજારની સહાય પુરી પાડવામાં આવી છે. જો સાબરકાંઠા જિલ્લાની વાત કરીએ તો આજે જિલ્લાના ૧૬ શહેરી વિસ્તાર તથા ૧૦ તાલુકાકક્ષાના અન્ન વિતરણ કરાશે જિલ્લામાં લોકડાઉન દરમિયાનના પ્રથમ ત્રણ માસમાં ૨,૦૧,૫૩૦ કાર્ડધારકોના ૧૦.૦૬ લાખ જનસંખ્યાને વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, અમદાવાદમાં મેટ્રો, રાજકોટમાં એઇમ્સ, સ્ટેચ્યુ ઓફ યુનિટી લોકડાઉનમાં વિનામૂલ્યે અનાજ વિતરણ સહિતની અનેક વિધ સિધ્ધિઓ થકી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની ઉન્નતિ અને સમૃધ્ધિનું વાવેતર કર્યુ છે. જરૂરીયાતમંદ લોકો ઇચ્છી રહ્યા હતા કે તેમને તમામ યોજનાઓનો લાભ એક જ સ્થળેથી મળી રહે તે ગઇકાલના સેવાસેતુના કાર્યક્રમમાં જોવા મળ્યું.

કાર્યક્રમ જિલ્લા સંગઠનના પ્રમુખ શ્રી જે.ડી.પટેલે પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યુ હતું, આ સાથે દિલ્હીથી વડાપ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઇ કાર્યકમમાં વર્ચ્યુલી ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું અને યોજનાના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના આ યોજનાના લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે અનાજ કિટસનું વિતરણ કરાયું હતું

આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાન, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી રાહુલ ચૌધરી, સાબરડેરીના પૂર્વ ચેરમન શ્રી જેઠાભાઇ પટેલ, કૌશલ્યાકુંવરબા સંગઠન ઉપાધ્યક્ષ, પુરવઠા તથા વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મયોગીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વૃક્ષારોપણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ બનાસ ડેરી ‘અમૂલ ગ્રીન એવોર્ડ’થી સન્માનિત

બનાસકાંઠા જિલ્લામાં આવનારા દસ વર્ષમાં દસ કરોડ વૃક્ષોનું વાવેતર કરીને તેનું જતન કરવાના લક્ષ્ય સાથે જિલ્લો હરિયાળો જિલ્લો બને તે દિશામાં બનાસ ડેરી સાથે સંકળાયેલા લાખો પશુપાલકો આગળ વધી રહ્યા છે ત્યારે આજે ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (ય્ઝસ્સ્ક્ષ) આણંદ ખાતે બનાસડેરીને "અમૂલ ગ્રીન એવોર્ડ ફોર બેસ્ટ પર્ફોમન્સ ઈન ટ્રી પ્લાન્ટેશન ૨૦૨૦-૨૧" થી સન્માનિત કરવામાં આવી હતી. જ્યાં બનાસ ડેરી વતીથી ઈ.એમ.ડી. શ્રી સંગ્રામભાઈ ચૌધરીએ એવોર્ડ સ્વીકાર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે વૃક્ષારોપણ થકી બનાસકાંઠા જિલ્લાને હરિયાળો જિલ્લો બનાવવા અમારી બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ સંકલ્પ લીધો છે તેમના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પશુપાલકો અને દૂધ મંડળીઓ થકી મોટાપાયે વૃક્ષારોપણ અભિયાન ચાલી રહ્યું છે. "અમૂલ ગ્રીન એવોર્ડ" થી અમે સન્માનિત થતાં ચેરમેનશ્રીનો સંકલ્પ સિદ્ધ થઈ રહ્યો છે.

